# કસાણા ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ યોજાયો



મેઘરજ તા. ૧૮
આઝાદીકા અમૃત મહોત્સવ ક્લીન ઈન્ડિયા કાર્યક્રમ સ્વચ્છતા અંગે જનજાગૃતિ કાર્યક્રમ આજરોજ કસાણા ખાતે યોજાયો હતો. જેમાં અરવલ્લી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ કનુભાઈ મનાત, મેઘરજ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સુરેશભાઈ સુથાર, ન્યાય સમિતિના ચેરમેન ચીમનભાઈ, તાલુકા સદસ્ય રાઠોડ પંકજબા, તાલુકા પંચાયત સદસ્ય પટેલ અશ્વિના બેન, યુવા મોરચા પ્રમુખ અનિલભાઈ પંચાલ, સરપંચ બાબુભાઈ ડામોર, તલાટી કમ મંત્રી જયેશભાઈ, તથા ગ્રામ પંચાયતના સભ્ય, અને ગ્રામજનો રહ્યા હતા.

# બાયડમાંથી સ્પેશિયલ કપડવંજ 'પાન' ખાવા જનારાનું પોત પ્રકાશ્યું

## કાકા પાન પેલેસમાંથી માદક દ્રવ્ય ઝડપાયું : અનેક યુવાનો બરબાદ થવાની દહેશત

બાયડ, તા. ૧૮
બાયડમાંથી દરરોજ સ્પેશિયલ કપડવંજ જઈ પાન ખાવાની ટેવ વાળા ૧૦ જેટલા નબીરા કેમ કપડવંજ જતા હતા તે હવે જગજાહેર થયુ છે.



કપડવંજના કાકા પાન પેલેસમાંથી માદક દ્રવ્ય ઝડપાતાં બાયડના અનેક યુવાનો કેફી દ્રવ્યના રવાડે ચડી ગયાનું માની શકાય અનેક પરિવારો જો પોતાના સંતાનો - સંબંધી વારંવાર કપડવંજ જતા હોય તો વૉચ રાખવા જેવી ખરી.

રાજયમાં માદક પદાર્થોની હેરાફેરી વધી છે. વેચાણ પણ વધ્યું છે. અરવલ્લી - સાબરકાંટાનું કેટલુંક યુવાધન નશીલા માદક દ્રવ્યોના રવાડે ચઢયાનું જગજાહેર છે. પરંતુ અનેક પરિવારો બાંધી મુઠ્ઠી લાખની જેમ પોતાના ઘરના દીકરાના લખ્ખણો દબાવી રાખે છે. તાજેતરમાં કપડવંજના કાકા પાપા પેલેસ ઉપર માદક - કેફી દ્રવ્ય વેચાતું હોવાની ફરિયાદ પછી પોલીસ ત્રાટકી અને રૂા. ૮૦૦૦ ની કિંમતની માદક દ્રવ્યની ૫૫ બોટલ જપ્ત કરી કાર્યવાહી કરી છે. બાયડ પંથકમાં છેલ્લા કેટલાક સમયની કપડવંજના મહદોશ કરવાવાળા પાનની બોલબાલા હતી. હવે સમજાયું કા પાન ખાવા બાયડના કેટલાક રસ્તો ભટકેલા યુવાનો ૩૨ કિ.મી. દૂર કેમ જતાં હતા. જો આપના પરિવારનો કોઈ શભ્ય પાન ખાવા દૂર દૂર જતો હોય તો ચેતી જજો નહીંતર નશાને રવાડે ચઢેલા યુવાનો અને પરિવારો બરબાદ થવામાં બહુ સમય લાગતો નથી.

### ઈકોમાં બાયડમાં આવતા 'કેફી પાન'

બાયડ,તા. ૧૮
કપડવંજથી બાયડના કેટલાક સ્પેશિયલીસ્ટો માટે દરરોજ ઈકો કારમાં ૧૦ થી ૧૨ પાન આવતા હોવાની લોકચર્ચા છે. ઈકો કાર બાયડ પોલીસ સ્ટેસન પાસે ઊભી રહેતી અને પાર્સલ આપવાં આવતું હતું ત્યારે બાયડ પોલીસ સ્ટેશન આસપાસના કેમેરા ચેક કરવામાં આવે તો નશીલા દ્રવ્ય વાળા પાન ક્યાં સુધી પહોંચી રહ્યા છે તેની જાણકારી સામે આવી શકે.

# સરડોઈમાં ભોઈ સમાજ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ : સમાજની ૮ ટીમોએ ભાગ લીધો

સરડોઈ તા.૧૮
મોડાસા તાલુકાના સરડોઈ માં ભોઈ સમાજ દ્વારા ભોઈ સમાજ ક્રાંતિ દલના સંયુક્ત ઉપક્રમે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સમાજની ૮ ટીમો મેળા ઉતરી હતી. રસાકસી ભરી મેચમાં વાડોદર ની ટીમ વિજેતા થતાં ટ્રોફી તેમજ રૂ.૫ હજારનું રોકડ ઈનામ આપી ટીમને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. પ્રાપ્ત જાણકારી મુજબ સમાજના યુવાનો સંગઠિત બને તેવા શુભ આશય સાથે સરડોઈ ખાતે ગુજરાત ભોઈ સમાજ ક્રાંતિ દલના પ્રમુખ જયંતિ ભાઈ ભોઈ ની ઉપસ્થિતિ માં એકદિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ ગઈ જેમાં સરડોઈ,હિંમતનગર, લુણાવાડા, ઈડર (૨),સંતરામપુર, વાડોદર, કાંકણપુર સહિતની ટીમોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.ક્રિકેટ ટીમના આયોજન ને સરડોઈ ભોઈ સમાજ અને યુવાનો દ્વારા જહેમત ઉઠાવી સફળ બનાવવામાં આવ્યું હતું.



# પદ્માવતી કન્યા વિદ્યાલયનું ગૌરવ

હિંમતનગર તા.૧૮
તાજેતર માં સાબરકાંઠા જિલ્લા એથ્લેટીક્સ રમતોત્સવ



સાબર સ્ટેડિયમ હિંમતનગર મુકામે યોજાઈ ગયો, તેમાં અંડર - ૧૯ બહેનોની ગોળા ફેંક સ્પર્ધામાં હિંમતનગર ની પદ્માવતી વિધાલયની વિદ્યાર્થી ની કુમારી ચંદ્રિકા બેન સોલંકી એ ગોળા ફેંક ની રમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. તે બદલ શાળાના સંચાલિકા શ્રીમતી પારૂલ બેન સોની, શાળાના આચાર્યશ્રી દશરથભાઈ પટેલ તથા શાળાના વ્યાયામ શિક્ષક શ્રી નીતિનભાઈ ગુર્જર એ શાળા તથા હિંમતનગર તાલુકા નું ગૌરવ વધારવા બદલ ખેલાડી ને અભિનંદન પાઠવ્યા છે.

## કોને ખુશ રાખવા....!! વહીવટદારો વચ્ચે પણ હોડ

# જિલ્લામાં 'અતુલ-રાજુ'ના આધિપત્ય ધરાશાયીનો ખેલ શરૂ

### સાહેબ પાસે દારૂ સંતાડવાની કળા કરી શાબાસી મેળવી

બાયડ, તા. ૧૮
જિલ્લાની ખાખી વર્દીમાં સાહેબોને ખુશ રાખવા વહીવટદારો વચ્ચે રીતસરની હોડ જામી છે. જિલ્લામાં 'અતુલ-રાજુ'ના આધિપત્ય ધરાશાયીનો ખેલ શરૂ થતાં અંદરની અનેક કબરો ખોદાશે... મદડાં બેઠાં થઈ દોડતાં થઈ શકે છે. સાહેબ પાસે દારૂ સંતાડવાની કળા કરી... અને પછી જે થયું તે જગજાહેર છે પરંતુ કળા કરનારાઓને શાબાસી હજુ પણ મળી રહી છે.

છેલ્લા કેટલાક દિવસથી વહીવટીદારો ચર્ચામાં છે વહીવટદારો ગમે ત્યાં હોય તેમણે વીણી વીણીને જિલ્લા મથકે લઈ જવામાં આવ્યા છે. કોરોના કાળના ૧૭ મહિનામાં પડેલી મુશ્કેલી એક જ મહિનામાં દૂર કરવાના પ્રયાસ વહીવટદાર 'અતુલ-રાજુ' એ શરૂ કર્યા છે. 'અતુલ્ય ભારત' ના વિજ્ઞાપનની જેમ 'અતુલ-રાજુ' છવાયા તો છે પણ આગામી ૨૧ દિવસ બરાબરની સાડસાતી સમાન પુરવાર થઈ શકે છે. સાહેબ પાસે કહ્યાગરાને કહી દારૂ સંતાડી પોતે તો બચ્યા પણ હવે કળીયુગી ચિત્રગુપ્તના ચોપડામાં તેમનું નામ કાળા અક્ષરથી પહેલા પાના ઉપર અંકાઈ ગયું છે. વહીવટદારોએ અંદરોઅંદર લડશે... પછી તો જો થઈ છે... ને બસ.. જોયા જ કરો... સાંભળ્યા જ કરો.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# હુંજ મહાકાળી મંદિરે ભક્તો દર્શનાર્થે ઊમટ્યા



રાયગઢ, તા.૧૮
હિંમતનગર તાલુકાના હુંજ ગામે મહાકાળી માતાના મંદિરે દર વર્ષની જેમ નવરાત્રી પર્વે હવન અષ્ટમી નિમિત્તે મંદિર પરિષદમાં વૈદિક મંત્રોચાર સાથે હોમ-હવન વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે હુંજ તેમજ બાંખોર, માનપુર ગામો સહિતની શ્રદ્ધાળુ ગ્રામ્ય જનતા માતાજીના દર્શન કરી પોતાની માનતા પુરી કરી હતી. કોવિડ-૧૯ને ધ્યાનમાં રાખી દર વર્ષે યોજાતો લોકમેળો બંધ રાખી સરકારની ગાઈડલાઈન મુજબ ગ્રામ્ય જનતાએ મંદિરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



પાલનપુર પ્રથમ રેસીડન્સિ ખાતે નવરાત્રીના છેલ્લા નોરતે બાળકો દ્વારા અવનવી વેશભૂષા ધારણ કરી ગરબાની રમઝટ બોલાવી હતી.જેમાં અલગ-અલગ દેવીદેવતાની વેશભૂષા જોઈ ઉપસ્થિત સહુ લોકોમાં આનંદ જોવા મળ્યો હતો.

# સાબરકાંઠા - અરવલ્લી દરજી જ્ઞાતિ સમાજના પ્રમુખ તરીકે વિનોદભાઈ દરજી

## બાયડમાં ખુશાલી

બાયડ, તા. ૧૮
સાબરકાંઠા - અરવલ્લી દરજી જ્ઞાતિ સમાજના પ્રમુખ તરીકે વિનોદભાઈ કે દરજી (જય સિલેકશન - બાયડ) ની વરણી કરાતાં સમસ્ત દરજી સમાજ તથા બાયડ પંથકમાં ખુશાળી છવાઈ છે.



સમાજના ઉત્થાન - એકતા - સંગઠન માટે કંઈક કરવાની હંમેશા તમન્ના હોય તેમના હથમાં સુકાન આવે એટલે તે સમાજ - સંસ્થાનો વિકાસ જોવા મળતો હોય છે. સમસ્ત ગુજરાત દરજી જ્ઞાતિ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના આજીવન સભ્ય, દરજી વિકાસ મંડળ બાયડ, પરગણાના પૂર્વ પ્રમુખ, તેમજ લાયન્સ કલબ - બાયડ જેવી સેવાભાવી સંસ્થાઓમાં સેવાકીય કાર્યો કરનાય વિનોદભાઈ દરજીની જિલ્લા પ્રમુખ તરીકે નિયુક્તિ કરાતાં સમાજના સર્વે આગેવાનોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# કંથેરીયા હનુમાન મંદિરમાં નવરાત્રિના મહાપર્વે જવારા કળશ સ્થાપન અને ચંડીપાઠ યોજાયા

પાલનપુર તા. ૧૮
પાલનપુરના પૌરાણિક કંથેરીયા હનુમાન મંદિરે આ વર્ષે નવરાત્રીના મહાપર્વે પરંપરાગત રીતે સરસ્વતી મહાલક્ષ્મી અને મહાકાલીના કળશ સ્થાપન કરી જવારા વિધિ કરવામાં આવી હતી.

મંદિરના મહંત જાણીતા કથાકાર પરમ પૂજ્ય શ્રી ક્ષિપ્રાગીરી મહારાજ ના આશીર્વાદથી વર્તમાન મહંત પરમ પૂજ્ય શ્રી શ્રીજી મહારાજ અને ભક્ત મંડળ દ્વારા નવરાત્રિના મહાપર્વે મંદિરમાં લક્ષ્મીજી સરસ્વતીજીએ મહાકાલી ની સ્થાપના કરી કળશ સ્થાપન કરી નવ દિવસ સુધી અખંડ જ્યોતસાથે નવ દિવસ સુધી ચંડીપાઠ આરતી અને મહાપ્રસાદનું આયોજન કરાયું હતું.

દશેરા બાદ આ પ્રસંગ આશીર્વાદ આપતા શિવગીરી બાપુએ જણાવ્યું હતું કે. મા અંબા મા સરસ્વતી મા લક્ષ્મી મહાકાલી મા સમગ્ર દુનિયામાંથી કોરોના મહામારી નેસ્ત નાબુદ કરે અને સમગ્ર દેશ સમગ્ર વિશ્વ આમાંથી આબાદ થાય કેવી આ પ્રસંગે માતાજીને સૌ પ્રાર્થના કરીએ સમગ્ર પાલનપુર શહેર ઉપર કંથેરીયા હનુમાન દાદા ના સતત આશીર્વાદ મળે અને સૌ સુખી થાય એવી મંગલ કામના કરી હતી.



# પાલનપુરમાં આર.એસ.એસ દ્વારા ત્રણ શાખાનું પથ સંચલન યોજાયુ

પાલનપુર,તા. ૧૮
પાલનપુરમાં રવિવારે ત્રણ શાખાનો પથ સંચલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેમાં યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.



પાલનપુર આર.એસ.એસ.વિભાગ દ્વારા બિજેશ્વર કોલોની વિસ્તારમાં ચાલતી જુદી-જુદી ત્રણ શાખાનો પથ સંચલન કાર્યક્રમ યોજાયો હતો.જેમાં શિવશક્તિ શાખાના મેદાન બ્રીજેશ્વર કોલોની મંદિરથી સાંજે ૪-૧૫ કલાકે સંચલન નિકળી બ્રીજેશ્વર કોલોની, કંથેરીયા હનુમાન રોડ, ગાયત્રીનગર, હેલ્થ ઓફીસ, શક્તિનગર ગલી નં-૩, સ્વામી લીલાશાહ કુટીયા, વિજયચોક, ડીપી થઈ કોલેજ કંપાઉન્ડ, લક્ષ્મણ ટેકરી બ્રીજેશ્વર કોલોની પરત ફર્યુ હતુ.ત્યારબાદ શસ્ત્ર પુજનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

# ગૌરવ - મોડાસા વિશાખડાયતા મોદી પંચ કેળવણી મંડળના હોદ્દેદારો નિમાયા



બાયડ, તા. ૧૮
મહુડી કોટીયર્ક ધામમાં મોડાસા વિશાખડાયતા મોદી પંચ કેળવણી મંડળની બેઠક ગઈ જેમાં પ્રમુખ, પિયુષભાઈ સી. શાહ, ઉપપ્રમુખ - મિલનભાઈ પી.શાહ, ટ્રસ્ટી તરીકે ડૉ. રાજેન્દ્રકુમાર એન. શાહની વરણી થતાં બાયડ તાલુકા ખડાયતા સમાજનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

# ડીસાના થેરવાડા ગામે મહાકાળી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

## ત્રિદિવસીય મહોત્સવમાં દાનની સરવાણી વહી : ધાર્મિકતાનો માહોલ છવાયા

ડીસા, તા. ૧૮
ડીસા તાલુકાના થેરવાડા ગામે કુળદેવી શ્રી મહાકાળી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ રંગેચંગે સંપન્ન થયો હતો. ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં મંગલકારી પ્રથમ દિવસે શનિવારના રોજ યજ્ઞ પ્રારંભ, દીપ પ્રાગટ્ય, આરતી પ્રસાદ જેવા ધાર્મિક અનુષ્ઠાનો સહિતના કાર્યક્રમ યોજાયા હતા. કલ્યાણકારી બીજા દિવસે માતાજીની વિશાલ શોભાયાત્રા-જળયાત્રા ,મંદિર વાસ્તુ સહિત પૂજાના શાસ્ત્રોક્ત વિધિના કાર્યક્રમ યોજાયા હતા. રાત્રે સંતવાણી ભજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં સંત શ્રી દોલતરામ બાપુ (નોરતાંવાળા) ભગત જૂમારામ મહારાજ (ઢેઢાલવાળા) સહિત આજુબાજુના ગ્રામજનો તેમજ ભક્તો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.જ્યારે આજે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ત્રીજા દિવસે દેવતા હોમ, પૂર્ણાહુતિ મહાઆરતી મહાપ્રસાદ અને ભોજન પ્રસાદનું દાતાઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં દાતાઓએ ઉદાર હાથે દાનની સરવાણી વહાવી હતી. વધુમાં શ્રી મહાકાળી માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પાવનકારી પ્રસંગના ત્રીજા દિવસે જાગીરદાર રાજપૂત ક્ષત્રિય મંચ ગુજરાતના અધ્યક્ષ બહાદુરસિંહ વાઘેલા, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ લેબજીજી ઠાકોર, પ્રકાશભાઈ ઠાકોર (જોરાપુરા સરપંચ), ઘાડા સરપંચ બાબરસિહ તેમજ લાલસિંહ ઝાબડીયાવાળા સહિત નામી-અનામી અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ત્રીજા દિવસે વિશેષ મહેમાન પદે ઉપસ્થિત રહેનાર બહાદુરસિંહ વાઘેલાનું ઢોલ નગારા અને શરણાઈના સૂરના તાલે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બહાદૂર સિંહ વાઘેલાએ માતાજીના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. આ કાર્યક્રમમાં ગ્રામજનો દ્વારા તથા ગામના અગ્રણીઓ દ્વારા ઉપસ્થિત રહેનાર સર્વેનું ફૂલહાર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું આ પાવનકારી પ્રસંગે બહાદુરસિંહ વાઘેલાએ સમાજમાં ઘર કરી ગયેલા કુરિવાજો તિલાંજલિ આપી વ્યસન મુક્ત સમાજ અને શિક્ષણની અખંડ જ્યોત જગાવવાનું આહવાન કર્યુ હતું. આ પ્રસંગે બહાદુરસિંહ વાઘેલાએ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ૧૧,૦૦૦ નું ઉદાર હાથે દાન પણ કર્યુ હતું જ્યારે લેબજીજી ઠાકોરે પણ યથાશક્તિ દાન કર્યુ હતું.



# સોશિયલ મીડિયામાં બનાસડેરીના ચેરમેન સામે બેફામ આક્ષેપો કરના દસ દિવસથી જેલ હવાલે

પાલનપુર તા. ૧૮
ચંડીસરના મનીષ બ્રહ્મભટ્ટ નામના વ્યક્તિ દ્વારા બનાસડેરીના ચેરમેન અને બનાસ ડેરી તેમજ બનાસ બેંક વિરુદ્ધ એક ઓડિયો ક્લિપ બનાવીને સમાજમાં તંગદિલી ઉભી કરીને વર્ગ-વિગ્રહ કરી કાયદો અને વ્યવસ્થા ખોરવવાનું ભારે પડ્યુ હતુ.અને કોર્ટે તેને છેલ્લા ૧૦ દિવસથી જેલના હવાલે કરતાં સોશિયલ મીડિયામાં બેફામ આક્ષેપો કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપ્યો છે. ઉલ્લેખનીય છે કે મનીષ બ્રહ્મભટ્ટ નામના ઈસમ વિરુદ્ધ ઈ.પી.કો.કલમ ૫૦૧, ૫૦૨, ૫૦૫(૨) હેઠળ ફોજદારી નોંધાતા જિલ્લા પોલીસ દ્વારા યુવકની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતો કોર્ટે તેના જામીન નામંજૂર કરી ને જ્યુડિશિયલ કસ્ટડી (જેલ) મોકલવાનો હુકમ કર્યો હતો. જે છેલ્લા ૧૦ દિવસથી જેલના સળિયા પાછળ છે. જિલ્લા જેલમાં અન્નજળનો ત્યાગ કર્યાનું ત્રાગું કરીને ડીસાની સિવિલ હોસ્પિટલમાં દાખલ થનાર આરોપીને સેશન કોર્ટે બે દિવસના રિમાન્ડ પણ મંજૂર કર્યા છે.

# ગુજરાત રાજય જમીન વિકાસ બેંક,ભિલોડા શાખાના ચેરમેન, વાઈસ ચેરમેનની સર્વાનુમતે બિનહરીફ વરણી

ભિલોડા,તા.૧૮



ગુજરાત રાજ્ય જમીન વિકાસ બેંક લી. ભિલોડા શાખાના ચેરમેન પદે શામળભાઈ કચરાભાઈ પટેલ (ટાકાટુકા વાળા), વાઈસ ચેરમેન પદે મનીષભાઈ હરીભાઈ પટેલ (ભિલોડાવાળા)ની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતા આનંદની લાગણી પ્રસરી છે. ગુજરાત રાજ્ય જમીન વિકાસ બેંક લી. ભિલોડા શાખાના તમામ ડિરેક્ટરો, ખેડુતોએ નવિન હોદ્દેદારોને બિરદાવ્યા હતા.